પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૬૫ | ૧૬ મે, ૨૦૧૯, ગુરૂવાર; વૈશાખ સુદ-૧૨ | પાના - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સરહદ પર એર ડિફેન્સ યુનિટ તૈનાત કરાશે

**સરહદ પારથી પાકિસ્તાનના કોઇ પણ દુસાહસને રોકવાનો હેતુ : બાલાકોટ હુમલા બાદ પાકિસ્તાને હજુ સુધી પોતાની સરહદ પર મોટી સંખ્યામાં જવાનો ગોઠવી રાખ્યા છે : પાકિસ્તાને શંકરગઢમાં ૩૦૦ ટેંક પણ ગોઠવી છે**



નવી દિલ્હી, તા. ૧૫

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ભારતીય સેનાએ પંજાબ, ગુજરાત, જમ્મુ કાશ્મીર અને રાજસ્થાનની એર ડિફેન્સ યુનિટને હવે પાકિસ્તાનની સાથેની સરહદ પર તૈનાત કરવાનો નિર્ણય કર્યો છે. જમ્મુ કાશ્મીરના પુલવામા વિસ્તારમાં સીઆરપીએફના કાફલા પર આત્મઘાતી હુમલો કરવામાં આવ્યા બાદ ભારત દ્વારા પાકિસ્તાનમાં ત્રાસવાદી અડ્ડાઓ પર હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. જેના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદીલી હાલમાં પ્રવર્તી રહી છે. ભારતે બાલાકોટમાં ત્રાસવાદી અડ્ડાઓ પર હુમલા કર્યા બાદ વિસ્ફોટક સ્થિતી બંને દેશો વચ્ચે ફેલાયેલી છે. નવેસરથી જવાનોની તૈનાતીનો ઉદ્વેશ્ય પણ સરહદ પારથી કોઈ હવાઈ હુમલાના

દુસાહસને નિષ્ફળ કરવાનો રહેલો છે. ભારતની એર ડિફેન્સ યુનિટને સરહદ પર તૈનાત કરવાના નિર્ણય બાદ પાકિસ્તાનમાં ચોક્કસપણે દહેશત રહેશે. પાકિસ્તાનના કોઈ પણ દુસાહસને આના કારણે નિષ્ફળ કરી શકાશે. હાલમાં પાકિસ્તાનની સેનામાં ભારતને લઈને એટલી દહેશત છે કે બાલાકોટ હવાઈ હુમલાના બે મહિના બાદ પણ પાકિસ્તાને હજુ સુધી સરહદ પર મોટી સંખ્યામાં જવાનોની તૈનાતી કરી છે. સરહદની નજીક પાકિસ્તાને વ્યુહાત્મક રીતે ઉપયોગી શંકરગઢ ખાતે આશરે ૩૦૦ ટેંકની પણ તૈનાતી કરી છે. ૨૬મી ફેબ્રુઆરીના દિવસે ભારતીય હવાઈ દળે બાલાકોટ સ્થિત જેશે મોહમ્મદના સૌથી મોટા ટ્રેનિંગ કેમ્પ પર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ અને તેમના આકાઓ તેમજ ટ્રેનરના મોત થયા હતા. ભારતીય હવાઈ દળ દ્વારા પાકિસ્તાનમાં ત્રાસવાદ અડ્ડા પર જોરદાર હુમલા કરવામાં આવ્યા બાદ આ નિર્ણય કરવામાં આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### હાફિઝ સઈદના સાળાની ધરપકડ

મુંબઈ આતંકી હુમલાનો માસ્ટર માઈન્ડ અને પ્રતિબંધિત સંગઠન જમાત ઉદદાવાના સંસ્થાપક હાફિઝ સઈદના સાળાની પાકિસ્તાનમાં ધરપકડ કરવામાં આવી છે. તેના પર પાકિસ્તાની સરકારની નિંદા કરવાનો અને નફરતભર્યા ભાષણ આપવાનો આરોપ છે.

### ભારત સ્વદેશી મિસાઈલ નિકાસ કરશે

ભારત આ વર્ષે સ્વદેશી મિસાઈલના નિકાસનુ કામ શરૂ કરી શકે છે. આ મિસાઈલ મુખ્ય રીતે દક્ષિણ પૂર્વ એશિયન અને ગલ્ફ દેશોમાં વેચવામાં આવશે. સિંગાપોરમાં ચાલી રહેલા એશિયા એક્ઝિબિશન ૨૦૧૯ દરમ્યાન બ્રહ્મોસ એરોસ્પેસના ચીફ જનરલ મેનેજરે આ જાણકારી આપી છે. ભારતની મિસાઈલ્સને ખરીદવામાં સૌથી વધુ રસ સાઉથ પૂર્વ અને ગલ્ફ દેશોએ દર્શાવ્યો છે.

### જેટ એરવેઝ ખરીદવા એતિહાદે શરૂ કરી કવાયત

બંધ થઈ ચૂકેલી જેટ એરવેઝને ફરીથી શરૂ કરવાની કવાયત ચાલી રહી છે. એતિહાદ અને બેંકો જેટ એરવેઝને ફરી શરૂ કરવા બ્રિટનના સૌથી વધુ ધનવાન હિંદુજા બંધુઓ સાથે મુલાકાત કરશે. હિંદુજા સમૂહ જો રાજી થાય તો જેટને પુનઃ શરૂ કરવામાં આવી શકે છે.

## સેંસેક્સ ફરી ૨૦૩ પોઈન્ટ ઘટી બંધ રહ્યો

મુંબઈ,તા. ૧૫

શેર બજાર બુધવારે શરૂઆતી કારોબાર ઉછાળા સાથે ખુલ્યો હતો પરંતુ બજાર બંધ થતાં આ તેજી ઘટાડામાં પરિણમી હતી. સેંસેક્સ ૨૨૦ પોઈન્ટની મજબૂતી સાથે ખુલ્યો હતો પરંતુ સેંસેક્સ ૨૦૩ પોઈન્ટના ઘટાડા સાથે ૩૭૧૧૪ની સપાટીએ બંધ રહ્યો હતો. બીએસઈ નિફ્ટીમાં પણ ૬૫ પોઈન્ટનો ઘટાડો થતા તેની સપાટી ૧૧૧૫૭ના સ્તરે બંધ રહી હતી. ખાસ કરીને બેંકિંગ અને ઓટો કંપનીઓના શેરોમાં જોરદાર ઘટાડો જોવા મળ્યો હતો. સૌથી વધુ યશ બેંકમાં ૮.૪૫ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો.

## દિલ્હી-એનસીઆરમાં કમોસમી વરસાદ

શ્રીનગર,તા. ૧૫

દિલ્હી, નોયડા સહિત એનસીઆરના વિસ્તારમાં આજે થયા બાદ માહોલ રંગીન બન્યો હતો. જો કે આના કારણે ગરમીથી પણ લોકોને રાહત મળી હતી. કાળા વાદળોના કારણે અંધારપટની સ્થિતિ રહી હતી. દિલ્હીના મંડીહાઉસ અને શાસ્ત્રી

**ગરમીથી લોકોને મોટી રાહત, પ્રદુષણમાં ઘટાડો : વરસાદની સાથે જોરદાર પવનો ફુંકાયા : તાપમાનમાં ઘટાડો થયો : વરસાદી માહોલ રહેવાની વકી**

સવારમાં તીવ્ર પવનની સાથે ભારે વરસાદ થતા તીવ્ર ગરમીમાં લોકોને રાહત થઈ હતી. સવારમાં વરસાદ સાથે દિવસની શરૂઆત આના કારણે હવાની ગુણવત્તામાં સુધારો થઈ રહ્યો છે. વરસાદની સાથે સાથે તીવ્ર વન ફુંકાતા સવારમાં લોકોને રાહત થઈ હતી. ભવનની આસપાસ ભારે વરસાદ થયો હતો. સવારમાં વરસાદના કારણે અનેક જગ્યાએ ટ્રાફિક

● અનુસંધાન પાન-૭ પર



## હું આગામી વિધાનસભા ચૂંટણી નથી લડવાનો : સિદ્ધારમૈયા

હુબલી,તા.૧૫

ફરી એકવાર તેમને મુખ્ય પ્રધાન બનાવવા માટે પક્ષમાં વધી રહેલી માગને સમર્થકો અને ટેકેદારોની લાગણી લેખાવતા કૉંગ્રેસના વરિષ્ઠ નેતા સિદ્ધરામૈયાએ કહ્યું હતું કે આવનારી વિધાનસભાની ચૂંટણી ન લડવાના મારા વલણને હું વળગી રહીશ.

ટેકેદારો દ્વારા આ પ્રકારની માગણી કરવામાં આવે તેમાં કશું ખોટું નથી, એમ તેમણે કહ્યું હતું. મેં એ સ્પષ્ટતા કરી દીધી છે કે મુખ્ય પ્રધાનની જગ્યા હવે ખાલી નથી એટલે મુખ્ય પ્રધાન બનવાનો હવે કોઈ પ્રશ્ન જ નથી, એમ તેમણે કહ્યું હતું.

મારા સમર્થકો કહી રહ્યા છે કે આવનારી વિધાનસભાની ચૂંટણી બાદ ફરી એકવાર મારે મુખ્ય પ્રધાન બનવું જોઈએ, એમ તેમણે કહ્યું હતું. હુબલી ખાતે પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે જો લોકો આશીર્વાદ આપશે તો પણ હું મુખ્ય પ્રધાન ન બની શકું એવું કંઈ છે?

જો લોકો અમારા પક્ષને આશીર્વાદ આપે તો હું મુખ્ય પ્રધાન ન બનું એવું ક્યાં લખેલું છે? એવો સવાલ તેમણે કર્યો હતો. જો કે તેમણે કહ્યું હતું કે હું મારા અગાઉના એ શબ્દોને વળગી રહું છું કે વિધાનસભાની ચૂંટણી નહીં લડું.



વારાણસીમાં પ્રિયંકાનો રોડ-શૉ - ચૂંટણીના અંતિમ તબક્કામાં વારાણસીમાં પ્રતિષ્ઠાનો જંગ ખેલાયો છે... પ્રધાનમંત્રી મોદીના મતવિસ્તારમાં કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધીએ દમદાર રોડ-શૉ યોજીને કોંગ્રેસની હાજરી પુરાવી હતી... પ્રધાનમંત્રી મોદીને કોઈ મહાત કરી શકે એમ નથી પરંતુ ત્રીજા સ્થાનેથી બીજા સ્થાને આવવા કોંગ્રેસ ભારે મથામણ કરી રહી છે... રોડ-શૉ દરમિયાન પ્રિયંકાની લોકસંપર્કની અભિવ્યક્તિ સમુદાયને સ્પર્શતી હતી...

## જૂનથી જીએસટી રિફંડ આપમેળે મળશે

ન્યુ દિલ્હી,તા.૧૫

આવકવેરા વિભાગના એક અધિકારીના જણાવ્યા મુજબ માલસામાન અને સેવાઓના નિકાસકારો સાથે વિશેષ આર્થિક

● અનુસંધાન પાન-૭ પર

## બંગાળમાં કાશ્મીર કરતા પણ ખરાબ હાલત છે : મોદી

**લેફ્ટ, કોંગ્રેસથી નહી બંગાળના લોકોથી ભયભીત : મોદી**

નવી દિલ્હી, તા. ૧૫

કોલકાતામાં મંગળવારે ભાજપ અધ્યક્ષ અમિત શાહના રોડ શોમાં થેલી હિંસા અને આગચંપીની ઘટના પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આકરી પ્રતિક્રિયા આપી હતી. એક ખાનગી ચેનલ સાથેની વાતચીતમાં મોદીએ મમતા બેનર્જી સરકારની જમ્મુ કાશ્મીર કરતા પણ ખરાબ હાલત છે તેમ જણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, કાશ્મીર હિંસા અને આતંકવાદ માટે જાણીતું છે. કાશ્મીરમાં પંચાયત ચૂંટણી યોજાઈ હતી. એક પણ પોલિંગ બૂથ પર હિંસાની કોઈપણ ઘટના થઈ નથી. તે દરમિયાન બંગાળમાં પંચાયત ચૂંટણી યોજાઈ હતી. સેંકડો લોકોના મોત થયા હતા જે લોકો જીતીને આવ્યા તેમના આવાસને આગ ચાંપી દેવામાં આવી હતી. જો લોકો વિજયી બનીને આવ્યા તેમને અન્ય રાજ્યમાં સંતાઈને રહેવું પડ્યું હતું તેમનો ગુનો એ હતો કે તેઓ જીતીને આવ્યા હતા. તે સમયે લોકતંત્રની વાતો કરનારા લોકો મૌન રહ્યા હતા જેનાથી તેમને બળ મળતું ગયું. ખાનગી ચેનલ સાથ વાતચીત કરતા વડાપ્રધાને કહ્યું હતું કે, ભાજપ, લેફ્ટ અને કોંગ્રેસનો ડર નથી પરંતુ બંગાળની જનતાથી ડર લાગે છે. તેમણે કહ્યું હતું કે, ચૂંટણી પહેલા ભાજપ નેતાઓની

● અનુસંધાન પાન-૭ પર

## બંગાળમાં ભાજપ ૨૩થી વધુ સીટો જીતી સપાટો બોલાવશે

**કોલકત્તામાં રોડ શોમાં હિંસા બાદ શાહનો દાવો**

નવી દિલ્હી,તા. ૧૫

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે મંગળવારના દિવસે તેમની કોલકત્તા રોડ શો દરમિયાન વ્યાપક હિંસા થયા બાદ આજે પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં અમિત શાહે પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી પર તેજાબી પ્રહારો કર્યા હતા. અમિત શાહે કહ્યુ હતુ કે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની કોઈ જરૂર નથી. કારણ કે ૨૩મી મેના દિવસે આ શાસનની પૂર્ણાહુતિ થઈ રહી છે. જનતા આ શાસનને ખતમ કરી દેશે. અમારી બાઈકો અને જીપને સળગાવી દેવામાં આવી છે. અમે દેશભરમાં ચૂંટણી લડી રહ્યા છીએ. કોઈ જગ્યાએ કોઈ હિંસા થઈ રહી નથી. કારણ કે ત્યાં ટીએમસી નથી. બંગાળમાં હિંસા કેમ થઈ રહી છે. કારણ કે અહીં ટીએમસી પાર્ટી છે. અમિત શાહે આજે સવારે આક્ષેપ કરતા કહ્યુ હતુ કે જો સીઆરપીએફની ટુકડી રહી ન હોત તો તેમની સામે પણ તકલીફ થઈ હોત. તેમના મોટી સંખ્યામાં કાર્યકરોના મૃત્યુ થયા છે. તેઓ સોભાગ્યથી બચી ગયા હતા. અમિત શાહે એમ પણ કહ્યુ હતુ કે અમે ૩૦૦થી વધારે સીટો જીતી રહ્યા છીએ.

સતાધાર
શુધ્ધ અને સાત્વીક ભોજન
ભોજનાલય એન્ડ રેસ્ટોરન્ટ (A.C)
ભવ્ય પ્રતિસાદ બાદ...
આજે સેક્ટર-૨૧ ની શાખા સત્તાધાર ભોજનાલયનો ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ
આજના શુભ દિવસે સવાર-સાંજ બંન્ને ટાઈમ ગુજરાતી થાળી જમવાની સાથે સ્વીટ ફ્રી
ગુજરાતી થાળી ફરસાણ સાથે અનલિમિટેડ ફક્ત ₹ 90/-*
સાઉથ ઈન્ડિયન ડીસ ફક્ત ₹ 130/-*
આજના શુભ દિવસે બંન્ને ટાઈમ સવાર-સાંજ સ્પે.૧૦%
● શુભ સ્થળ ●
પ્રથમ શાખા : બેંક ઓફ બરોડાની બાજુમાં, શાક માર્કેટની પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર M.83470 22281, 83475 56815
બીજી શાખા : સેક્ટર-૨૪, અપના બજાર, ગાંધીનગર. M.85115 68069, 83475 56815
ત્રીજી શાખા : કલોલ, મહેસાણા હાઈવે, કલોલ, ગુજરાત. M.76210 12233, 83470 06530

SWIGGY FOOD DELIVERY APP
જોઈએ છે કલોલ માટે ફુડ ડીલીવરી બોય
પાર્ટ ટાઈમ / ફુલ ટાઈમ તથા શનિવાર - રવિવાર માટે
મહીને 15,000/- થી 20,000/- કમાવો + ઈન્સેન્ટીવ + ઈન્સ્યોરન્સ
અરજી સાથે રૂબરૂ મળો સવારે:૯.૦૦ થી સાંજે: ૪.૦૦ સુધી
205 - 206, 2nd Floor, Sarthik 2, Opp Rajpathclub, S.G. Highway, Ahmedabad • Cont.: 07933685265

પવિત્ર કૈલાસ માનસરોવર યાત્રા
નિલકંઠ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
www.kailash-yatra.com
99251 25853
98981 14646

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

SHRI JAIRAMBHAI PATEL INSTITUTE OF BUSINESS MANAGEMENT
(NICM-Gandhinagar)
Since 1995 (24 Years of Excellence)
ADMISSION INQUIRY
MBA 2019 - 21 BATCH
Intake 120 Seats | 100 % Placement from last 4 Years | Highest Package Offered in 2018 : ₹ 10,00,000 | Average Package ₹ 4.5 Lac
www.nicm.coop | nicm gandhinagar
Call Now on 079-23213037/39, 9714106417/18
Address : Nr.infocity Gate 01, Nr. Indroda Circle, Gandhinagar
Chairman : Narhari Amin
Managing Trustee : Jayprakashbhai Patel